સુવિચાર : કેળવણી એટલે આપણો મિજાજ કે આત્મવિશ્વાસ ખોયા વિના લગભગ દરેકની વાત સાંભળવાની ધીરજ અને શક્તિ- રામકૃષ્ણ પરમહંસ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૨૯ | ૧૮ જુલાઇ, ૨૦૧૫, શનિવાર ; અષાઢ સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



જમીન બિલ પર ૫૬ ઇંચની છાતી ૫.૬ ઇંચની થઇ જશે : રાહુલ Page-6

# આજે ગાંધીનગરમાં ધામધૂમથી રથયાત્રા

## સવારે ૭.૦૫ કલાકે પંચદેવ મંદિરથી રથયાત્રાનું પ્રસ્થાન : રથયાત્રાના સ્વાગત માટે ભાવિકો ઉત્સુક : રથયાત્રામાં ભગવાન જગન્નાથજીની નવનિર્મિત મૂર્તિના હેતે ઓવારણા લેવા નગરજનો ભાવવિભોર : હાથી ઘોડા, પાલખી સાથે ૧૦૦ વાહનો જોડાશે : મોસાળમાં જલારામ ધામ ખાતે મોહનથાળ-ખીચડી પીરસાશે

ગાંધીનગર, તા. ૧૭

જય રણછોડ.. માખણચોરના જયઘોષ વચ્ચે આજે નગરના માર્ગો ગુંજી ઉઠશે. સે. ૨૨ પંચદેવ મંદિર ખાતેથી સવારે ૭.૦૫ કલાકે ભગવાન જગન્નાથજીની ૩૧મી રથયાત્રાનું પ્રસ્થાન થશે. મંદિરના પટાંગણમાં રથમાં બિરાજમાન ભગવાન જગન્નાથજી, બલરામજી તેમજ સુભદ્રાજીની નવનિર્મિત મૂર્તિની પૂજા-અર્ચના અને આરતી બાદ રથયાત્રા નિયતરૂટમાં આગળ વધશે. રથયાત્રાના પ્રારંભે મેયર તેમજ મંદિરના ટ્રસ્ટી સહીત નગરના આગેવાનો સહીત ભાવિકો મોટી સંખ્યામાં હાજરી આપશે.

ભગવાન જગન્નાથજીની ૩૧મી રથયાત્રાને અનુલક્ષી નગરજનોમાં અનોખો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ભગવાન નગરચર્યા માટે નીકળવાના હોવાથી નવીન સ્વરૂપમાં સજ્જ મૂર્તિઓના દર્શન માટે ભાવિકો આતુર બન્યા છે. સેક્ટરે-સેક્ટરે રથયાત્રાના ભવ્યાતિભવ્ય સ્વાગત માટે તડામાર તૈયારીઓ સાથે જરૂરી આયોજન કરી દેવાયું છે.

અષાઢી બીજના રોજ સવારે ૭.૦૫ કલાકે ભગવાન જગન્નાથજીની રથયાત્રા સે. ૨૨ સ્થિત પંચદેવ મંદિર ખાતેથી પ્રસ્થાન કરશે. ભગવાન જગન્નાથજીની પૂજા અર્ચના અને આરતી બાદ જયરણછોડ-માણખચોરના જયઘોષ સાથે રથયાત્રા નિયત રૂટમાં આગળ પ્રસ્થાન કરશે. પંચદેવ યુવક મંડળના યુવાનો ભગવાનના દિવ્યરથને દોરડા વડે ખેંચી યાત્રાના રૂટમાં આગળ વધશે. રથયાત્રાના પ્રસ્થાન વેળાએ પંચદેવ મંદિરના ધર્માધ્યક્ષ ફૂલશંકર શાસ્ત્રી, મંદિરના મેનેજીંગ ટ્રસ્ટી અમિતભાઈ શેઠ, મેયર હંસાબેન મોદી, રથયાત્રા સમિતિના દિનેશ કાપડીયા, અરૂણ બૂચ સહીતના આગેવાનો સહીત ભાવિકો મોટી સંખ્યામાં હાજરી આપશે.

ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં હાથી, ઘોડા પાલખી ઉપરાંત ૧૫ જેટલા અશ્વસવારો, ભજન મંડળીઓ, વિવિધ વેશભૂષામાં સજ્જ બાળકો તેમજ ૧૦૦ જેટલા વાહનો જોડાશે. રથયાત્રામાં શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે પોલીસ જવાનોનો સઘન પહેરો રહેશે. ૩૧ કી.મી.ના લાંબા રૂટમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા સેક્ટરોમાંથી પસાર થશે જ્યાં વિવિધ ધાર્મિક સંસ્થાઓ, મંડળો તેમજ સેક્ટરવાસીઓ અને વેપારીઓ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવશે. સેવાભાવી આગેવાનો દ્વારા રથયાત્રામાં જોડાયેલા ભાવિકો માટે લીંબુ શરબત, છાશ, પાણી તેમજ નાસ્તાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

પોલીસભવન પાસે રાજ્ય પોલીસવડા પી.સી. ઠાકુર રથયાત્રાનું સ્વાગત કરશે. જ્યારે સે. ૨૭ યાત્રા પહોંચશે ત્યારે જિલ્લા પોલીસવડા વિરેન્દ્રસિંહ યાદવ યાત્રાનું સ્વાગત કરશે. રથયાત્રા દરમિયાન રૂટમાં ભાવિકોને કાકડી, જાંબુ અને મગના પ્રસાદનું વિતરણ કરવામાં આવશે. જ્યારે ભગવાનના મોસાળમાં સે. ૨૯ જલારામધામ ખાતે ૪,૫૦૦ જેટલા ભાવિકોને ખીચડી, મોહનથાળ સહીતનો મહાપ્રસાદ પીરસવામાં આવશે.



રથયાત્રા પૂર્વે શુક્રવારે ભગવાન જગન્નાથજી, બલરામજી અને સુભદ્રાજીની નવનિર્મિત મૂર્તિમાં પ્રાણ પુરવા સે-૨૨ સ્થિત પંચેદવ મંદિરમાં વિશેષ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દિવ્ય પ્રસંગે ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીની ઉપસ્થિતિમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે યજ્ઞ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ભાનુપ્રસાદ શાસ્ત્રી, મંદિરના મેનેજીંગ ટ્રસ્ટી અમિતભાઈ શેઠ, નગરના અગ્રણી અરૂણ બુચ, વેપારી અગ્રણી કાળીદાસ પટેલ સહિત ભાવિકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં. (તસવીર : દિપક જાની)




